# સની દેઓલની 'બોર્ડર 2'નું ટીઝર શું 'સંદેશ'આપી ગયું?




ફિલ્મ ટી.વી

રાકેશ ઠક્કર

જે.પી. દત્તાની 'બોર્ડર'જેવી ક્લાસિક ફિલ્મની સિક્વલ આવતી હોય ત્યારે અપેક્ષાઓ આસમાને હોય તે સ્વાભાવિક છે. ટીઝર શરૂઆતથી જ જૂના ગૌરવશાળી ઈતિહાસ અને દેશભક્તિના માહોલમાં ખેંચી જાય છે. સની દેઓલના પાત્રનો બુલંદ અવાજ આજે પણ રૂંવાડા ઉભા કરી દે તેવો છે. માત્ર સનીના નામ પર જ લોકો થિયેટરમાં જશે કે કેમ? એવા સવાલનો જવાબ છે 'હા', કારણ કે સની અને 'બોર્ડર'નો પર્યાય એટલે પાવરફુલ એક્શન અને જબરદસ્ત ડાયલોગ ડિલિવરી. આ ફિલ્મની સૌથી મોટી તાકાત તેની 'લેગસી' છે. ભાગ્યે જ કોઈ એવું હશે જેણે બોર્ડરના ગીતો કે સનીના ક્રાંતિકારી સંવાદો સાંભળ્યા ન હોય. એ સાથે મનમાં એ પ્રશ્ન જરૂર થાય કે શું આ ફિલ્મ માત્ર પહેલા ભાગની સફળતાને વટાવવા માટે બની છે? ટીઝર જોતા લાગે છે કે નિર્માતા જે.પી. દત્તા પર જૂની ફિલ્મની સફળતાનો ઘણો બોજ છે. સિક્વલ ઘણીવાર માત્ર જૂની ફોર્મ્યુલાને નવી પેકેજિંગમાં પીરસીને કમાણી કરવાનો રસ્તો હોય છે. પણ જો આ ફિલ્મમાં 1971ના યુદ્ધ જેવી જ કોઈ નવી અને પ્રભાવશાળી વાર્તા હશે તો જ તે માત્ર પૈસા કમાવવાનું સાધન નહીં પણ એક યાદગાર ફિલ્મ બની શકશે. નવા કલાકારો વરુણ ધવન અને દિલજીત દોસાંજ જેવા કલાકારોને લાવીને ફિલ્મને યુવા પેઢી સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વરુણ પાસે માસ અપીલ છે અને દિલજીતનો અભિનય તથા તેના ચાહકો પંજાબ અને ઉત્તર ભારતમાં ફિલ્મને મોટો ફાયદો કરાવી શકે છે. આ નવા કલાકારો ત્યારે જ કમાલ કરી શકશે જો તેમની પાસે માત્ર એક્શન સીન્સ નહીં પણ સની દેઓલના પાત્ર જેવું જ મજબૂત વ્યક્તિત્વ અને સ્ક્રીન પ્રેઝન્સ હશે. સૌથી નબળો મુદ્દો જો કોઈ હોય તો તે VFX છે. આજના જમાનામાં જ્યારે પ્રેક્ષકોએ 'હોલીવુડ' અને 'દક્ષિણ ભારત'ની ફિલ્મોમાં શ્રેષ્ઠ VFX જોયા છે ત્યારે 'બોર્ડર 2' માં વપરાયેલું ગ્રાફિક્સ સંતોષકારક લાગતું નથી. 'બોર્ડર 2' માં નિર્દેશકની કમાનદત્તા પાસેથી છીનવીને અનુરાગ સિંઘને સોંપાઈ છે. જેમણે અક્ષય કુમારની 'કેસરી' બનાવી હતી. આ નિર્ણય એક બેધારી તલવાર જેવો સાબિત થઈ શકે છે. નિર્દેશક બદલાવાથી ફિલ્મનું પરિણામ અપેક્ષિત નહીં હોય તેવી શંકા જવી સ્વાભાવિક છે. કારણ કે 'બોર્ડર' સાથે દત્તાનું નામ અને તેમની લાક્ષણિક શૈલી જોડાયેલી છે. નિર્દેશક બદલાવાથી ટેકનિકલ રીતે ફિલ્મ મજબૂત બની શકે છે પણ શું તે જે.પી. દત્તા જેવી ભાવનાત્મક ઊંડાઈ લાવી શકશે? તે જોવું રહ્યું. જો 'બોર્ડર 2' માં પણ 'કેસરી' જેવું વધુ પડતું સ્લો-મોશન અને ગ્લોરીફાઈડ એક્શન જ જોવા મળશે તો તે 'બોર્ડર'ની ઓર્ગેનિક મજાને બગાડી શકે છે. ટીઝરમાં 'સંદેશે આતે હૈ 2.0' ગીતની ઝલક બતાવવાની જરૂર હતી. જે ફિલ્મ માટે માહોલ ઊભો કરી શકે એવું છે.●

# પવન સિંહે સલમાનના 'બિગ બોસ 19'નો પવન ફેરવી કાઢ્યો?



'બિગ બોસ 19' સલમાન ખાન કરતાં પવન સિંહની લોકપ્રિયતા વધુ સાબિત થઈ છે? આ સવાલનો જવાબ 'હા' કે 'ના' માં આપવા કરતાં તેની પાછળની ગણતરી સમજવી વધુ મજેદાર છે. પવન સિંહ જ્યારે બિગ બોસમાં આવ્યો ત્યારે તેણે સાબિત કરી દીધું તેના ચાહકો માત્ર શો જોતા નથી, પણ તેને તહેવારની જેમ ઉજવે છે. સોશિયલ મીડિયા પર પવન સિંહના નામે જે ટ્રેન્ડ્સ ચાલ્યા તેણે સાબિત કર્યું કે પ્રાદેશિક સુપરસ્ટાર્સની તાકાત હવે બોલિવૂડના મોટા સિતારાઓને પણ ટક્કર આપી શકે તેવી છે. પરંતુ સલમાન અને પવનની લોકપ્રિયતાની સરખામણી કરવી એ મેંગો જ્યુસ અને મસાલા ચા સરખાવવા જેવું છે. બંને પોતપોતાની જગ્યાએ શ્રેષ્ઠ છે! સલમાન આ શોનો ચહેરો છે. તેની લોકપ્રિયતા ગ્લોબલ છે અને તે શોના હોસ્ટ તરીકે એક અલગ સ્તરનું 'સ્ટારડમ' લાવે છે. બીજી તરફ પવન એક 'સ્પર્ધક' તરીકે આવ્યા હતા. જ્યારે કોઈ સ્પર્ધક આટલી મોટી ફેન ફોલોઈંગ લઈને આવે ત્યારે તે શોના વોટિંગમાં તો સલમાનને પણ પાછળ છોડી શકે છે કારણ કે સલમાન માટે કોઈ વોટિંગ નથી થતું! પણ શોની અસલી બ્રાન્ડ વેલ્યુ તો સલમાનના નામથી જ ટકેલી છે. આ સીઝનમાં એ ચોક્કસ સાબિત થયું કે પવનની જમીની સ્તરની લોકપ્રિયતા અકલ્પનીય છે. તેનાથી બિગ બોસને જે દેશી સ્પર્શ મળ્યો તેણે TRP માં 'અનુપમા'ને પાછળ રાખી પહેલા નંબર પર આવી ચાર ચાંદ લગાવી દીધા. આ ટક્કર એ સાબિત કરી ગઈ કે હવે બોલિવૂડનો દબદબો ઓછો થઈ રહ્યો છે અને પ્રાદેશિક કલાકારો રાષ્ટ્રીય સ્તરે મોટા ખેલાડી બની રહ્યા છે. પવન સિંહે સાબિત કર્યું કે તે 'વોટિંગનો રાજા' છે, પણ સલમાન ખાન હજી પણ 'શોનો શાસક' છે. પવનની લોકપ્રિયતાએ સલમાનને પણ એ વિચારવા મજબૂર કરી દીધો હશે કે હવે નવા જમાનાના સુપરસ્ટાર્સ સોશિયલ મીડિયા અને સ્થાનિક જોડાણથી આખું મેદાન મારી જાય છે. સલમાન આ વખતે પણ ફિનાલેમાં છવાયેલો રહ્યો. ભલે બિગ બોસના 19 વર્ષ થઈ ગયા હોય પણ સલમાન વગર આ સ્ટેજ અધૂરું લાગે છે. જોકે, આ વખતે સલમાન થોડા વધુ અનફિલ્ટર્ડ અને સ્પષ્ટવક્તા લાગ્યો. ફિનાલેમાં 'કન્ટેન્ટ' કરતાં 'કોન્ટ્રોવર્સી'નું પલ્લું નમેલું રહ્યું. જે દર્શાવે છે કે જનતાને હવે શાંતિથી બેસીને જોવું નહીં પણ સોફા પર કૂદીને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગ કરવું વધુ ગમે છે.●

# પરિવારની વિરાસત અને 74,427 કરોડની મુંબઈની સત્તા માટેનું 'મહાયુદ્ધ'!



લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

મહારાષ્ટ્રના રાજકારણમાં રણશિંગુ ફૂંકાઈ ગયું છે અને હવે દાવ પર જે છે તે માત્ર સત્તા નથી પણ અસ્તિત્વની લડાઈ છે. સોમવારે રાજ્ય ચૂંટણી પંચે 29 મહાનગરપાલિકાઓ માટે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી હતી, જે મહારાષ્ટ્રના રાજકીય પુનર્ગઠન માટે 'ફાઈનલ ફ્રન્ટિયર' સાબિત થવાની છે. જો કે, મતદાન 29 શહેરોમાં થવાનું છે, પરંતુ આ સમગ્ર જંગનું કેન્દ્રબિંદુ બૃહન્મુંબઈ મહાનગર પાલિકા એટલે કે BMC છે.

74,427 કરોડના અધધ... બજેટ સાથે BMC માત્ર એક નાગરિક સંસ્થા નથી, તે એક આર્થિક સામ્રાજ્ય છે, જેની વાર્ષિક ખર્ચ કરવાની શક્તિ માલદીવ, ભૂતાન અને ફિજી જેવા વિશ્વના લગભગ 50 દેશોના GDP કરતા પણ વધુ છે. શિવસેના અને NCPમાં થયેલા મોટા વિભાજન પછી પ્રથમ વખત છે, જ્યારે મુંબઈના મતદારો નક્કી કરશે કે શહેરની તિજોરીની ચાવી અને તેની વૈચારિક વિરાસતનો અસલી વારસદાર કોણ છે.

આ લડાઈની ભયાનકતા સમજવા માટે આંકડાઓ પર નજર નાખવી જરૂરી છે. નાણાંકીય વર્ષ 2026 માટે BMCનું બજેટ મુંબઈની આર્થિક શક્તિનું પ્રમાણ છે. જ્યારે કોઈ એક શહેરની કાઉન્સિલ પાસે બાર્બાડોસ કે મોન્ટેનેગ્રો જેવા આખા દેશ કરતા વધુ સંસાધનો હોય, ત્યારે તેની 227 બેઠકો પરનો કબજો રાષ્ટ્રીય વ્યૂહાત્મક મહત્ત્વનો વિષય બની જાય છે.

ઐતિહાસિક રીતે, BMC એ શિવસેનાની 'ફિક્સ્ડ ડિપોઝિટ' રહી છે. લગભગ ત્રણ દાયકા સુધી ઠાકરે પરિવારે આ તિજોરીનો ઉપયોગ કરીને પોતાનું પાયાનું નેટવર્ક મજબૂત કર્યું હતું. હવે, ઉદ્ધવ ઠાકરે (UBT) અને એકનાથ શિંદે જૂથ વચ્ચે પક્ષના વિભાજન પછી આ લડાઈ જેટલી રાજકીય છે તેટલી જ આર્થિક રીતે ટકી રહેવાની પણ છે.

નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટ કરી દીધું છે કે- મહાયુતિ (ભાજપ-શિંદે-અજિત પવાર) આ ચૂંટણીને શિસ્તબદ્ધ 'વોર મશીન' તરીકે લડી રહી છે. જો કે, આ ગઠબંધન સંપૂર્ણપણે એકસમાન નથી. ફડણવીસની જાહેરાત કે ગઠબંધન ભૌગોલિક સ્થિતિ અનુસાર બદલાશે - કેટલીક જગ્યાએ અજિત પવાર સાથે ભાગીદારી કરશે જ્યારે પુણે અને પિંપરી-ચિંચવડમાં 'ફ્રેન્ડલી ફાઈટ' કરશે - તે અત્યંત ગણતરીપૂર્વકની માઈક્રો-મેનેજમેન્ટ વ્યૂહરચના સૂચવે છે.

ભાજપનો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે - મુંબઈમાં આખરે પોતાનો મેયર બેસાડવો, જે લક્ષ્ય રાજ્યમાં સિનિયર પાર્ટનર હોવા છતાં અત્યાર સુધી તેમનાથી દૂર રહ્યું છે. મુંબઈમાં એકનાથ શિંદેને સમર્થન આપીને તેઓ પરંપરાગત 'મરાઠી માણસ'ની વોટબેંકમાં ગાબડું પાડવાની આશા રાખે છે, જ્યારે બિન-મરાઠી અને કોસ્મોપોલિટન મતોને કમળના નિશાન નીચે એકત્રિત કરવા માગે છે. આ તરફ ઉદ્ધવ ઠાકરે માટે 2026ની BMC ચૂંટણી અસ્તિત્વનું સંકટ છે. જો તેઓ મુંબઈ પરનો અંકુશ ગુમાવશે, તો UBT જૂથ હાંસિયામાં ધકેલાઈ જવાનું જોખમ છે. કદાચ આ જ મજબૂરી છે કે લાંબા સમયથી ગાયબ રહેલો ઉદ્ધવ અને રાજ ઠાકરે વચ્ચેનો 'ભાઈપ્રેમ' અચાનક હેડલાઈન્સમાં છે.

મુંબઈ અને મહારાષ્ટ્રના અમુક વિસ્તારમાં 'રાજ ફેક્ટર' બેધારી તલવાર છે. મરાઠી માણસનું એકત્રીકરણ. જો ઠાકરે ભાઈઓ એક થાય, તો તે મરાઠી ભાષી વસ્તીમાં એક શક્તિશાળી ભાવનાત્મક લહેર પેદા કરી શકે છે, જે શિંદે-ભાજપ ગઠબંધનને રોકી શકે છે. આ સંભવિત 'ભાઈચારો' કોંગ્રેસને અત્યંત અસ્વસ્થ કરી રહ્યો છે. ઉદ્ધવ જૂથ દ્વારા કટ્ટર પ્રાદેશિકવાદ તરફનો ઝુકાવ કોંગ્રેસના સેક્યુલર અને પરપ્રાંતીય વોટ બેઝને દૂર કરી શકે છે, જેનાથી વિપક્ષોમાં તિરાડ પડી શકે છે.

આચારસંહિતા લાગુ થવાના થોડા દિવસો પહેલા જ શહેરી વિકાસ વિભાગ દ્વારા મુંબઈ અને તેના ઉપનગરો માટે 172 કરોડ જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે સરકાર તેને 'જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડિંગ' તરીકે રજૂ કરે છે, ત્યારે વિપક્ષ તેને મતદાનના દિવસ પહેલાં હાઈ-વિઝિબિલિટી પ્રોજેક્ટ્સ પૂરા કરવા માટે વહીવટદારોને આપવામાં આવેલું 'વોર ચેસ્ટ' માને છે.

તો આગળ શું? આ ચૂંટણી મુખ્યત્વે બે વિષયો પરનો જનમત હશે - વિકાસ વિરુદ્ધ વિરાસત. મહાયુતિ 'ડબલ એન્જિન' ગ્રોથ મોડલ પર પ્રચાર કરશે, જેમાં કોસ્ટલ રોડ અને મેટ્રો વિસ્તરણ જેવા મેગા-પ્રોજેક્ટ્સને હાઈલાઈટ કરવામાં આવશે. બીજી તરફ, મહાવિકાસ અઘાડી (MVA) - અને ખાસ કરીને ઉદ્ધવ જૂથ 'મરાઠી અસ્મિતા' અને 'દિલ્હી દ્વારા મુંબઈને લૂંટવામાં આવી રહ્યું છે'ના નેરેટિવ પર જોર આપશે. મહત્ત્વના આંકડાઓ જોઈએ તો, કુલ બેઠકોઃ 2,869 (29 મહાનગરપાલિકાઓમાં), BMCની બેઠકો 227, મતદાન તારીખઃ 15 જાન્યુઆરી, 2026, પરિણામની તારીખઃ 16 જાન્યુઆરી, 2026, અહીં કુલ મહિલા મતદારોઃ 1.66 કરોડ (નિર્ણાયક પરિબળ) છે. અંતે, મુંબઈની આ લડાઈ માત્ર ડ્રેનેજ, રસ્તા કે લાઈટની નથી, તે મહારાષ્ટ્રના ભાવિ સત્તાધીશ કોણ હશે તેનું શક્તિ પ્રદર્શન છે. 16 જાન્યુઆરીના પરિણામો માત્ર મુંબઈના મેયર જ નક્કી નહીં કરે, પણ તે 2026 પછીના મહારાષ્ટ્રના રાજકારણની નવી દિશા નક્કી કરશે. જે પક્ષ મુંબઈના હૃદય અને તેની તિજોરી પર રાજ કરશે, તે જ રાજ્યના રાજકીય નકશા પર શાસન કરશે.●




**આ તરફ ઉદ્ધવ ઠાકરે માટે 2026ની BMC ચૂંટણી અસ્તિત્વનું સંકટ છે. જો તેઓ મુંબઈ પરનો અંકુશ ગુમાવશે તો UBT જૂથ હાંસિયામાં ધકેલાઈ જવાનું જોખમ છે. કદાચ આ જ મજબૂરી છે કે લાંબા સમયથી ગાયબ રહેલો ઉદ્ધવ અને રાજ ઠાકરે વચ્ચેનો 'ભાઈપ્રેમ' અચાનક હેડલાઇન્સમાં છે**

# ના પાડવાની આવશ્યકતા

આંખની અટારી

★ હેમુ ભીખુ

જિંદગીમાં 'ના' પાડવી પણ જરૂરી છે. દર વખતે, દરેક પરિસ્થિતિમાં સ્વીકૃતિની આવશ્યકતા નથી હોતી. અસ્વીકૃતિની સંભાવના પણ હોય જ અને તે પણ તેટલી જ યોગ્ય અને ઈચ્છનીય હોય. જ્યારે મૂલ્ય સાથે બાંધછોડ કરવી પડે તેમ હોય, નિયમો તથા સિદ્ધાંતોની અવહેલના થતી હોય, એકંદરે નકારાત્મક સ્થિતિ ઊભી થવાની સંભાવના હોય, ધર્મ અને સત્ય વિરુદ્ધની વાત હોય, નૈતિકતા તેમજ સાત્ત્વિકતા માટે જોખમ હોય, કોઈ પ્રકારનું અનિચ્છનીય દબાણ હોય, વ્યક્તિગત સમજણની વિરુદ્ધની પરિસ્થિતિ હોય, સામાજિક સૌહાર્દને હાનિ પહોંચાડી શકે તેવી સ્થિતિ સર્જાતી હોય, ક્યાંક ધ્યેયથી ભટકી જવાની સંભાવના હોય, વ્યક્તિગત-કૌટુંબિક-સામાજિક સ્વાસ્થ્ય કે સંસાધનોને હાનિ પહોંચતી હોય, સૃષ્ટિના નિયમની વિરુદ્ધની બાબતો હોય, સામા પક્ષે સ્વાર્થ કે કપટ પ્રતીત થતાં હોય, કોઈ પ્રકારની ફસામણી હોય, પ્રતિજ્ઞાની વિરુદ્ધની ઘટના હોય કે આત્મસન્માન માટે જોખમ ઊભું થતું હોય તો 'ના' પાડવી ઈચ્છનીય જ નથી, સૈદ્ધાંતિક પણ છે. માત્ર બીજાને પ્રસન્ન કરવા માટે તો ક્યારેય 'હા' ન પાડવી જોઈએ.

જ્યારે ક્ષમતા કરતાં અપેક્ષા વધુ હોય, પરિસ્થિતિ તમારી દ્રષ્ટિએ અનૈતિક કે અયોગ્ય હોય, ક્યાંક ફસામણી હોય, પરિણામ માનસિક, શારીરિક કે કૌટુંબિક સ્વાસ્થ્ય માટે યોગ્ય ન રહેવાની સંભાવના હોય, તમારી વ્યક્તિગત પ્રાથમિકતા તેમ જ અગ્રતાક્રમ વિરુદ્ધની માંગણી હોય, જ્યારે સામેની વ્યક્તિ માત્ર તમારો ઉપયોગ કરવા માંગતી હોય તો 'ના' પાડવી જરૂરી છે. ગેરસમજ, ખોટી ગણતરી, અહંકાર, નકારાત્મક મુડ, લાગણીના ખેંચાણ કે અયોગ્ય ઉદ્દેશ્યથી 'ના' ન પાડવી જોઈએ. સાચી 'ના' પાડવાના જેમ ફાયદા હોય તેમ ખોટી 'ના' પાડવાથી ઘણું નુકસાન થઈ શકે. સાચી 'ના' એક પ્રકારની તક આપે તો ખોટી 'ના'ને કારણે કોઈ અવસર ચૂકી પણ જવાય. જે વ્યક્તિઓમાં આત્મવિશ્વાસની ઘટ હોય, લોકોને નારાજ કરવું ગમતું ન હોય અને કોઈ અજ્ઞાત ભય સતાવતો હોય તે વ્યક્તિ યોગ્ય 'ના' પાડતા પણ ખચકાય.

'ના' પાડવી એ પણ એક કળા છે. પરિસ્થિતિ, સામે વાળી વ્યક્તિની માનસિકતા અને કેન્દ્રસ્થાને રહેલી બાબતનું મહત્ત્વ સમજીને પ્રેમપૂર્વક, સમજદારીપૂર્વક, પરંતુ સ્પષ્ટ રીતે 'ના' પાડતાં શીખવું જોઈએ. જ્યારે એમ કહેવામાં આવે કે "ના મારે નથી કરવું" તો તે એકદમ સપાટ તેમ જ અસંવેદનશીલ 'ના' કહેવાય. "માફ કરજો, મારાથી એ નહીં થઈ શકે, એ મારો વિષય નથી, અત્યારે શક્ય નથી, મારાથી શક્ય નથી, મને દુઃખ થાય છે કે મારે ના પાડવી પડે છે" - આ વિનમ્રતાથી 'ના' પાડવાની રીત છે. કારણ સાથે પણ આ પ્રકારની 'ના' કહી શકાય. "અત્યારે વ્યસ્તતા છે, પરિવાર સાથે કોઈ સામાજિક કાર્યમાં જોડાયેલો છું, આ બધાં માટે હું સહજ નથી, તબિયત થોડીક સારી નથી, વ્યવસાયમાં આકસ્મિક કામ આવી ચડ્યું છે" આ બધી કારણદર્શી 'ના' પાડવાની પ્રક્રિયા છે. અમુક લોકો 'ના' પાડતી વખતે વિકલ્પો પણ આપતા હોય છે. "કદાચ આ તમને મદદરૂપ થઈ શકશે, જો મહિના પછીનું કામ હોય તો વિચારી શકીએ, આનાં કરતાં જો તમે આ રીતે કરો તો વધુ યોગ્ય ગણાય" - 'ના' પાડવાની આ પણ એક વિકલ્પયુક્ત શૈલી છે. 'ના' પાડતી વખતે પણ આત્મવિશ્વાસ જરૂરી છે. જેમ શબ્દો સૌમ્ય હોવા જોઈએ તેમ શરીરની ભાષા પણ નમ્રતાપૂર્વકની વર્તાવી જોઈએ. સામેવાળી વ્યક્તિને તમારા ઈરાદા માટે શંકા ન થવી જોઈએ.

'હા' પાડવા માટે સકારાત્મક પરિણામની ખાતરી હોવી જોઈએ. બીજાને મદદરૂપ થવાનો ભાવ હોવો જોઈએ. ક્ષમતા, સંજોગો અને સમયની અનુકૂળતા હોવી જોઈએ. સંકળાયેલ દરેક વ્યક્તિગત તેમજ સામાજિક પરિસ્થિતિ માટે વૃદ્ધિ તેમજ યથાર્થતાની સ્થિતિ હોવી જોઈએ. નવી સંભાવના માટેનો પણ અવકાશ હોવો જોઈએ. સંભવિત પરિણામમાં પવિત્રતા, સાત્વિકતા, નૈતિકતા તેમજ શુદ્ધિની સંભાવના હોવી જોઈએ. કોઈપણ પરિસ્થિતિની શાંતિ સ્થપાયેલી હોવી જોઈએ. કોઈપણ પ્રકારનાં આરોગ્યને નુકસાન ન પહોંચવું જોઈએ. માન-સન્માન જળવાવવું જોઈએ. આ બધાં સાથે એકંદરે, પ્રત્યેક દ્રષ્ટિકોણથી, હકારાત્મક પરિસ્થિતિ માટેનો લગાવ હોવો જોઈએ.

કોઈ વ્યક્તિ નારાજ થશે કે ખુશ થશે તેને આધારે 'હા' કે 'ના' ન પડાય. કોઈ વ્યક્તિ ગુસ્સે થશે કે નહીં, જે તે વ્યક્તિ સાથેનો સંબંધ બગડશે કે નહીં, સામાજિક કે વ્યવસાયિક સંબંધોને નુકસાન પહોંચશે કે નહીં, આગળ જતાં મુશ્કેલી ઊભી થશે કે નહીં, ક્યાંક અપમાન કે અવહેલનાનો સામનો કરવો પડશે કે નહીં, અયોગ્ય રીતે લાભ મેળવવાની ઈચ્છા રાખનારને હાનિ પહોંચશે કે નહીં કે કોઈનો અહમ ઘવાશે કે નહીં, જેવી બાબતોના આધારે નિર્ણય લેવામાં આવે તો તે યોગ્ય હોવાની સંભાવના ઘણી ઓછી હોય. વળી 'હા' કે 'ના' જવાબ આપતી વખતે, કોઈ મને ખોટો તો નહીં માને ને કે ક્યાંક સામાજિક અસ્વીકૃતિ તો ઊભી નહીં થાય ને જેવી બાબતોની ચિંતા પણ ન રાખવાની હોય. કોઈ પણ પ્રકારની, કોઈ પણ વ્યક્તિની શરમ ને સંકોચ રાખ્યાં વગર નૈતિકતાની દ્રષ્ટિએ દ્રઢતાપૂર્વક જવાબ આપવો પડે. 'હા' હોય કે 'ના', જવાબ આપવાની પણ એક કળા છે. યોગ્ય જવાબ, યોગ્ય રીતે આપતા આવડે તો કદાચ શાંતિ જળવાઈ શકે, સમય અને શક્તિ બચી શકે, લાંબાગાળે સંબંધમાં સુધારો થઈ શકે અને એકંદરે 'નુકસાન' થવાની સંભાવના નહિવત થઈ જાય.

જેમ 'ના' પાડવી જરૂરી છે, તેમ 'હા' પાડવી પણ એટલી જ જરૂરી છે. જેમ અસત્યની બાદબાકી જરૂરી છે તેમ સત્યનું વર્ચસ્વ પણ જરૂરી છે. જેમ અધર્મનો નાશ જરૂરી છે તેમ ધર્મની સ્થાપના પણ જરૂરી છે. જેમ અયોગ્યનો વિરોધ જરૂરી છે તેમ યોગ્યની સ્વીકૃતિ પણ આવશ્યક છે. જેમ અનિત્ય માટે લગાવ ન હોવો જોઈએ તેમ નિત્ય પ્રત્યેનું સમર્પણ હોવું જોઈએ. ઘણી વાર એમ જોવા મળતું હોય છે કે જે બાબત પસંદ ન હોય તે માટે 'ના' કહેવામાં ખચકાટ નથી હોતો પરંતુ 'હા' કહેવા માટે ચોક્કસ પ્રકારનો ગભરાટ હોય છે. એકાગ્રતાથી વિચાર કરી, શાંત ચિત્તે 'હા' કે 'ના' નક્કી કરી સૌમ્યતાથી તેની પ્રસ્તુતિ કરવાની.●




**વ્યક્તિગત-કૌટુંબિક-સામાજિક સ્વાસ્થ્ય કે સંસાધનોને હાનિ પહોંચતી હોય, સૃષ્ટિના નિયમની વિરુદ્ધની બાબતો હોય, સામા પક્ષે સ્વાર્થ કે કપટ પ્રતીત થતાં હોય, કોઈ પ્રકારની ફસામણી હોય, પ્રતિજ્ઞાની વિરુદ્ધની ઘટના હોય કે આત્મસન્માન માટે જોખમ ઊભું થતું હોય તો 'ના' પાડવી ઇચ્છનીય જ નથી, સૈદ્ધાંતિક પણ છે**